सत्यमेव जयते

હરિ ઓમ આશ્રમ પ્રેરિત

યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના રાજ્ય યુવક બોર્ડ આયોજિત

# અખિલ ભારત

# વીર સાવરકર સમુદ્ર તરણ સ્પર્ધા

# ૧૯૭૭

# સ્મરણિકા

ઉદ્‌ઘાટક: શ્રી મગનભાઈ બારોટ, શિક્ષણ, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના રાજ્ય કક્ષાના મંત્રીશ્રી

ઉદ્‌ઘાટન : તારીખ ૧૪-૨-૭૭ સવારે ૭-૦૦ કલાકે


સ્થળ : ચોરવાડ વિહારધામ

હરિફોનો સત્કાર સમારંભ, ઈસ્ટમેસીન વેરાવળ બપોરે ૩ થી ૬

ઈનામ વિતરણ સમારંભ: તારીખ ૧૪-૨-૭૭ના રોજ સાંજના ૮-૦૦ વેરાવળ

મગનભાઈ આર. બારોટ
મંત્રી (રાજ્ય કક્ષા),
શિક્ષણ, યુવા કલ્યાણ અને
સાંસ્કૃતિક પ્રવૃત્તિ,
સચિવાલય, ગાંધીનગર.

તા. ૪--૨--૧૯૭૭.



ગુજરાતના યુવાનોમાં સાહસનો સંચાર કરવા સક્રિય પ્રોત્સાહન આપવાની પૂજ્ય મોટાની દેણ ગુજરાત માટે અનોખી રહી છે. પૂ. મોટાએ સમસ્ત માનવજીવનમાં ગુણભાવ પ્રગટ થાય તે માટે અવિરત કામ કર્યું અને એ કાર્યને આપણે આગળ ધપાવવાનું છે. હરિ ઓમ આશ્રમ પ્રેરિત અખિલ ભારતીય સમુદ્ર તરણ સ્પર્ધા ચોરવાડથી વેરાવળ સુધી તા. ૧૪--૨--૭૭ના રોજ યોજાઈ છે એ જાણી આનંદ થયો. આવી સ્પર્ધાઓ દ્વારા યુવાનોનું ખમીર બહાર લાવી શકાય છે. આપણે એવા ગુજરાતી યુવાનો તૈયાર કરીએ કે જે કાળમીંઢ પથ્થરોને ફોડીને તેમાંથી જલધારા વહાવે, દરિયો ડહોળીને નવરત્નની ભેટ જગતને ધરે, ગિરી કંદરા અને પહાડો ખૂંદીને જીવન જીવવાની સંજીવની શોધી લાવે.

ગુજરાતના યુવાનો આવી સ્પર્ધાઓ પ્રસંગે ઉમળકાભેર ભાગ લેવા બહાર આવે છે એ જોઈ, ગુજરાત માટે એ દિવસ દૂર નથી એવી શ્રાધ્ધા બંધાય છે.

સ્પર્ધા સમયે ઉપસ્થિત રહેવાની મહેચ્છા સેવું છું અને તરણ સ્પર્ધા સંપૂર્ણ સફળતાને વરે એવી મારી શુભેચ્છા છે.

મગનભાઈ બારોટ.

## યુવક બોર્ડના ઉપક્રમે સમુદ્રતરણ

ગુજરાત રાજ્ય યુવક બોર્ડ સને ૧૯૬૮થી અસ્તિત્વમાં આવ્યું અને યુવક પ્રવૃત્તિઓના દ્વાર ઉઘડયાં. યુવકો માટે અનેકવિધ પ્રવૃત્તિઓ માટે તકો ઉભી થઈ. યુવક બોર્ડની સ્થાપના બાદ અત્યાર સુધી તેની પ્રવૃત્તિ રાજ્ય ભરમાં પાંગરવા લાગી છે. તાલુકા જિલ્લા તથા રાજ્ય કક્ષાના યુવક મહોત્સવોનું આયોજન થવા માંડયું છે, સંખ્યાબંધ યુવક મંડળો ઉભાં થવા માંડયાં છે, યુવક કાર્યકર શિબીરોનું આયોજન થવા માંડયું છે, સેમિનારો થાય છે, રાત્રિ અભ્યાસ ગૃહો ઉભાં થયાં છે, હોડી તથા સમુદ્ર તરણ જેવા સાહસથી ભરેલા પ્રોજેક્ટો પણ હાથ ધરાયાં છે. આ બધી પ્રવૃત્તિઓ યુવકો સાહસિક બને, ખડતલ બને, હીંમતથી, વિશ્વાસથી તેનાં કાર્યો પાર પાડે, યુવા શકિત પાંગરે, તેમનું ચારિત્ર્ય ઘડતર થાય એ હેતુસર શરૂ કરવામાં આવી છે. સમુદ્ર તરણ એ આવી પ્રવૃત્તિ માટેનું એક સોપાન છે.

ચાલુ વર્ષે રાજ્ય યુવક બોર્ડ દ્વારા આઠમી સમુદ્ર તરણ સ્પર્ધાનું આયોજન થઈ રહ્યું છે. અત્યાર સુધી આ સ્પર્ધાને સારો આવકાર અને આયોજનમાં લાગતાં વળગતાં બધાનો સહકાર મળવા પામ્યો છે.

સમુદ્ર તરણ સ્પર્ધા એ સાહસિક પ્રવૃત્તિ છે અને એ ફકત યુવાનો માટે સાહસિક પ્રવૃત્તિ નથી પરંતુ તેના સંચાલકો માટે પણ એક સાહસ રૂપ છે. આ સ્પર્ધાનું સંચાલન ખૂબજ કાળજી અને ચીવટ માગી લે છે. હરીફોની સલામતી માટે પૂરેપૂરા પગલાં લેવા જરૂરી બને છે. આ માટે સમુદ્રમાં સ્થળની પસંદગી આવશ્યક બને છે અને તે માટે ફીશરીઝ ખાતાના નિષ્ણાતો, નેવીના નિષ્ણાતો અને તરણ બાબત સમુદ્રના જાણકારોનાં સલાહસુચન આવશ્યક બને છે. ચોરવાડથી વેરાવળનો કાંઠો આ સ્પર્ધા માટે અનુકૂળ જણાયો હતો ઉપરાંત તેના સંચાલન માટે અનુકૂળ સ્થળ પણ જણાયું છે. આ સ્પર્ધાના સંચાલન માટે જેટલી નિષ્ણાતોની સલાહ આવશ્યક બને છે એટલે જ અંશે સ્થાનિક નાગરિકોનો સહકાર પણ અવશ્યક બને છે. સમુદ્રમાં ભાગ લેનાર હરીફોની ડગલેને પગલે કાળજી રાખવી એટલીજ અવશ્યક બને છે. તેમના નિવાસ, ખોરાક, ડોકટરી તપાસ અને અન્ય સુવિધાઓ ચીવટથી ધ્યાન માગી લે છે. દરેક હરીફની સમુદ્રમાં સલામતી માટે હરીફ દીઠ એક રોઈંગ બોટ રાખવામાં આવે છે. જેમાં તેના ખોરાક સાથે લાઈફ સેવીઅર, ગનમેન, સીગ્નલર, મેનેજર અને જવાબદાર અધિકારી રાખવામાં આવે છે. સમુદ્રમાં હરીફ તરતો હોય તો કોઈ માછલા અથવા શાર્ક જેવા રાક્ષસી માછલીનો ભય દૂર કરવા માટે તેને શાર્ક રેપલેન્ટ જેવી દવાની થેલી અપાય છે.

કોઈ આકસ્મિક સંજોગોમાં હરીફ માટે ખોરાક, ડોકટરી મદદ માટે આઠથી નવ જૂદી જૂદી પાવર બોટોનો પણ પ્રબંધ રાખવામાં આવે છે આ પાવર બોટ હરીફો ઉપર દેખરેખ અને સુવિધાઓ પૂરી પાડવા ઉપરાંત સમુદ્રમાં હરીફોને ટ્રેક તરફ માર્ગદર્શન પૂરુ પાડે છે. આ પાવર બોટ ફીશરીઝ તથા પોર્ટ વિભાગના સહકારથી મેળવવામાં આવે છે અને કેટલીક ખારવાઓ પાસેથી ભાડે મેળવાય છે.

આ સ્પર્ધામાં અનેક ખાતાઓ સાંકળવામાં આવે છે અને તેમનો સહકાર મેળવવામાં આવે છે અને મળી રહે છે.

જુનાગઢ જિલ્લાના સિવિલ સર્જન અને વેરાવળ ચોરવાડના તબીબી અધિકારીઓ આ સાહસિક પ્રવૃત્તિ હાથ ધરવામાં આડકતરી રીતે ઘણો જ સારો ભાગ ભજવે છે. હરીફોની ડોકટરી તપાસ એ સ્પર્ધાનું અંગ છે. સ્પર્ધકોની પૂરી ડોકટરી તપાસ વગર કોઈ હરીફને સમુદ્રમાં સ્પર્ધા માટે ઉતરવાની પરવાનગી અપાતી નથી.

આ સ્પર્ધાના સંચાલનાર્થે તેની વ્યવસ્થા ખુબજ મહત્ત્વની બાબત છે. આ સ્પર્ધા માટે આવનાર હરીફો, મેનેજરો, લાઈફ સેવીઅર, ગનમેન, વ્યવસ્થાપકગણ નિર્ણાયકો, પોલીસ અધિકારીઓ, ડોકટરો, અધિકારીગણ, પત્રકારો, હોમગાર્ડ, શૈક્ષણિક સંસ્થાના કાર્યકરો, ઉદ્‌ઘાટન, તથા પુર્ણાહૂતિ કાર્યક્રમના સંચાલકોના નિવાસ ભોજન, અવરજવર વ્યવસ્થા એ મુખ્ય કાર્ય બને છે. આ બધી બાબતની કાર્યવહેંચણી વ્યવસ્થિત રીતે થાય તો જ શકય બને અને આ માટે મોટી સંખ્યામાં માનવ સંખ્યાનો પ્રબંધ કરવામાં આવે છે, તેમાં મોટા ભાગના સ્થાનિક અને સંબંધ ધરાવનાર તથા સ્પર્ધાની વ્યવસ્થાના જાણકારોની સેવાઓ લેવાય છે.

આ વર્ષે આ સ્પર્ધાના આયોજન માટે મુખ્યત્વે જુનાગઢના કલેકટર તથા વેરાવલના મામલતદાર, પ્રાંત ઓફીસર, પોર્ટ ઓફીસર, ફીશરીઝના મદદનીશ ડાયરેકટર, હોમગાર્ડ, પોલીસ તથા સ્થાનિક સંસ્થાઓનો સહકાર સાંપડયો છે.

આ સ્પર્ધામાં ભારત ભરમાંથી કુલ ૩૩ સ્પર્ધકોએ સ્પર્ધામાં ભાગ લેવા માટે અરજી કરી હતી પરંતુ આ સ્પર્ધાની ટેકનિકલ સમિતિએ આ અરજીઓ તપાસી ફકત ૨૫ જણાને સ્પર્ધા માટે પસંદ કર્યા છે. ગયા વર્ષે આ સ્પર્ધામાં ગુજરાતના યુવાને પ્રથમ સ્થાન મેળવ્યું હતું. આમ આ સ્પર્ધાના આયોજન પાછળ પૂ. મોટાની મહેચ્છા સાર્થક થઈ છે અને તેમને આ સ્પર્ધાના આયોજન માટે આપેલું દાન લેખે લાગ્યું છે.

હજી ગુજરાતના યુવાનો અને યુવતીઓ માટે આવા સાહસિક પ્રવૃત્તિ માટેના પડકારો ઝીલવાના છે. આ વર્ષે રાંદેરના ઝીણાભાઈ નાવિકે ૭૩ વર્ષની ઉંમરે સાબરમતીથી રાજઘાટ (દિલ્હી) સુધીની દોડ શરૂ કરી છે અને ગુજરાતના અને રાષ્ટ્રના યુવાનોને પડકાર્યો છે, તેમની આ દોડને રાજ્યમાંના યુવાનોએ સારો એવો આવકાર આપ્યો છે અને દિલ્હી સુધી ઠેર ઠેર તેમનું શાનદાર સ્વાગત થઈ રહ્યું છે.

આ વર્ષે યુથ બોર્ડ દ્વારા સઢવાળી હોડીને બદલે હલેસાંવાળી હોડીની સ્પર્ધા ચોરવાડથી વેરાવળ વચ્ચે સમુદ્રમાં યોજવામાં આવી છે અને આ સ્પર્ધાને ચોરવાડ વેરાવળ અને તેની આસપાસના ખારવા અને અન્ય યુવકોએ સારો આવકાર આપ્યો છે. આમ ખારવા યુવકો માટે સાહસની એક નવી તક ઉભી કરવાનો યુવક બોર્ડનો પ્રયોગ સફળ થતો રહ્યો છે.

ગુજરાતના યુવાનો સમુદ્ર ખુંદે, પહાડો આંબે અને કોઈપણ કાર્ય માટે પાછળ ન રહી જાય એ જોવાનું છે. આવી બધી પ્રવૃત્તિઓ રાજ્યમાં શરૂ થઈ છે તેને દિવસે દિવસે વેગ મળી રહ્યો છે એ હકીકત ગૌરવ આપે તેવી છે અને ભવિષ્યમાં પણ આવા સાહસિક પડકારોને ઝીલશે એ નિઃશંક બાબત છે.

**ભરત મારૂ,**
**નિયામક.**

## વ્યવસ્થાપક સમિતિ

| | | | |
|---|---|---|---|
| ૧ | કલેક્ટરશ્રી, જુનાગઢ | | અધ્યક્ષશ્રી |
| ૨ | શ્રી સતુભાઈ મુન્શી | ભરૂચ | સભ્ય |
| ૩ | શ્રી નરભેરામભાઈ મીસ્ત્રી | સુરત | સભ્ય |
| ૪ | શ્રી માર્કંડભાઈ વસાવડા | વડોદરા | સભ્ય |
| ૫ | શ્રી વિરેન્દ્ર નાણાવટી | અમદાવાદ | સભ્ય |
| ૬ | નાયબ નિયામક, મત્સ્યોદ્યોગ | અમદાવાદ | સભ્ય |
| ૭ | પોર્ટ ઑફિસર | વેરાવળ | સભ્ય |
| ૮ | લે.કર્નલ કેહરસિંગ(નેવી) | મુંબઈ | સભ્ય |
| ૯ | શ્રી જનકકુમારસિંહ ઝાલા ધારાસભ્ય | વાંકાનેર | સભ્ય |
| ૧૦ | શ્રીમતી આયશાબેગમ શેખ, ધારાસભ્ય | માંગરોળ | સભ્ય |
| ૧૧ | પ્રો. કરસનદાસ સોનેરી ધારાસભ્ય | ઈડર | સભ્ય |
| ૧૨ | શ્રી પી. સી. પટેલ ધારાસભ્ય | અમદાવાદ | સભ્ય |
| ૧૩ | શ્રી મનોહરસિંહજી જાડેજા | રાજકોટ | સભ્ય |
| ૧૪ | શ્રી ઝહીદ શેખ, | માંગરોળ | સભ્ય |
| ૧૫ | મ્યુનિસિપલ પ્રમુખ, વેરાવળ | વેરાવળ | સભ્ય |
| ૧૬ | પ્રમુખશ્રી, તાલુકા પંચાયત | વેરાવળ | સભ્ય |
| ૧૭ | પ્રમુખશ્રી રોટરી કલબ | વેરાવળ | સભ્ય |
| ૧૮ | નિયામક, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ | ગાંધીનગર | સભ્ય |
| ૧૯ | સિવીલ સર્જન | વેરાવળ | સભ્ય |
| ૨૦ | શ્રી રણછોડભાઈ પટેલ | ચોરવાડ | સભ્ય |
| ૨૧ | પ્રમુખ, ખારવા જ્ઞાતિ | જાલેશ્વર | સભ્ય |
| ૨૨ | પ્રમુખ, ખારવા જ્ઞાતિ | વેરાવળ | સભ્ય |
| ૨૩ | પ્રમુખ, યુવક મંડળ | ચોરવાડ | સભ્ય |
| ૨૪ | યુથ બોર્ડ અધિકારી | ગાંધીનગર | સભ્ય |
| ૨૫ | સરપંચ, નગરપંચાયત | ચોરવાડ | સભ્ય |
| ૨૬ | યુથ કોઓર્ડીનેટર નહેરૂ યુવક કેન્દ્ર | જુનાગઢ | સભ્ય સચિવ. |

## સાહસનો સાદ

યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના રાજ્ય યુવક બોર્ડ તરફથી હરિ ઓમ આશ્રમ પ્રેરિત અખિલ ભારતીય સમુદ્ર તરણ સ્પર્ધા આ વર્ષે ચોરવાડથી વેરાવળ સુધીના સ્પર્ધા માર્ગે યોજવામાં આવી છે. વિશાળ દરિયાકાંઠાનો વિશિષ્ઠ ભૌગોલિક લાભ ધરાવતા અને સમુદ્ર ખેડવાની જ્વલંત પરંપરા ધરાવતા ગુજરાત રાજ્યમાં આ પ્રકારની સાહસસભર અને શૌર્યપ્રેરક સ્પર્ધા ખૂબ આવકાર્ય અને અનિવાર્ય લેખાય અને સ્વાભાવિક રીતે જ આ સ્પર્ધાને ઉત્તરોત્તર ઉત્સાહપ્રેરક આવકાર સાંપડતો રહ્યો છે. આ સ્પર્ધા દર આંતરે વર્ષે યોજાય છે. એટલે કે એક વર્ષે ગુજરાતમાં અને બીજા વર્ષે મહારાષ્ટ્રમાં યોજાય છે. આ સ્પર્ધા માટે સ્વ. પૂ. મોટા તરફથી ગુજરાતના યુવક સમુદાયમાં સાહસભાવનાનો સંચાર પ્રગટાવવાના ઉદ્દેશથી રૂપિયા એક લાખનું દાન મળ્યું છે જેના વ્યાજની આવકમાંથી વિજેતાઓને રોકડ ઈનામ અપાય છે. જે વર્ષે રાજ્યમાં સમુદ્ર તરણ સ્પર્ધા ન યોજાય તે વર્ષે આશાસ્પદ તરવૈયા યુવાનો માટે નિષ્ણાત દ્વારા તરણ તાલીમ આપવા માટે આવતા વર્ષથી અનુકૂળ સ્થળે સમુદ્ર તરણનો કોચિંગ કેમ્પ યોજવા વિચાર્યું છે જેથી આવી સાહસલક્ષીઅને સમુદ્રલક્ષી સ્પર્ધાઓ માટે ખમીરવંતા યુવાનોની એક તાલીમબધ્ધ કેડર તૈયાર કરી શકાય.

છેલ્લાં આઠ વર્ષોથી અખિલ ભારતીય ધોરણે તીવ્ર સ્પર્ધાત્મક વાતાવરણમાં યોજાતી આ અનન્ય સાહસ-સ્પર્ધાના સુફળ રૂપે ગુજરાતી યુવાન એની તરણ-તાકાતની પ્રતીતિ કરાવતો થયો છે. આ સ્પર્ધામાં અગાઉ વિજેતા નીવડેલા શ્રી ઠાકોરભાઈ નાવિક આ વર્ષે આંતરરાષ્ટ્રીય સમુદ્ર તરણ સ્પર્ધામાં પ્રવેશ પામીને હરીફ તરીકે ભાગ લઈ આવ્યા છે અને એ રીતે ગુજરાતના યૌવનનું નામ આંતરરાષ્ટ્રીય તરણ સ્પર્ધામાં ગૂંજતું કર્યું છે. સાહસનો સંચાર થતાં ગુજરાતના યુવાનો કેવા પડકાર ઝીલી શકે છે એની પતિતી પણ એમાંથી મળી રહે છે. હમણાં જ ગાંધીનિર્વાણ દિને સાબરમતીથી રાજઘાટ--દિલ્હી સુધીની વિક્રમ દોડનો પ્રારંભ કરનાર દોડવીર શ્રી ઝીણાભાઈ નાવિકની સાથોસાથ દોડતા યુવાનોનું જૂથ જે ઉત્સાહભેર તૈયાર થઈ દોડમાં સામેલ થયું એ હકીકત પરથી પણ જોઈ શકાય છે કે ગુજરાતના યુવાસમુદાયને માત્ર સાહસનો નિર્દેશ કરવાનો જ રહે છે; ગુજરાતનો યુવાન એ સાહસ ઉપાડી લેવામાં ક્યારેય પાછો પડતો નથી એવી એક ઉજળી પરંપરા રાજ્યની યુવાપેઢીએ ઊભી કરી છે એ અત્યંત ગૌરવ ઉપજાવે એવી હકીકત છે અને એમાં આવી સાહસ-સ્પર્ધા પ્રત્યક્ષ અને નિર્ણાયક પ્રેરણા સીંચતી રહી છે એ અમારે માટે —પ્રયોજક અને આયોજકો માટે ખૂબ આનંદજનક ઘટના બની રહી છે.

આ સ્પર્ધાનું સ્થળ છે દરિયો અને દરિયો એટલે નકરા સાહસનું સમરાંગણ. એના મિજાજને પારખવો મુશ્કેલ છે. એટલે જ આ સ્પર્ધાનું આયોજન પુષ્કળ પરિશ્રમ અને ચિવટભરી પૂર્વવિચારણા માંગી લે છે. એટલું જ નહિ ફિશરીઝ, પોર્ટ, મહેસૂલી તંત્ર, નગર પંચાયત, હોમગાર્ડ દળ, શૈક્ષણિક અને યુવક સંસ્થાઓ, સાગર ખેડુ કોમ વગેરે અનેક-વિધ વ્યવસ્થાતંત્રોના સાથસહકાર શોધવા પડે છે અને અચૂક સાંપડતા રહે છે. વસ્તુત: આ સાહસ સ્પર્ધા એક પ્રજાકીય આયોજન બની શક્યું છે અને એક વ્યાપક ચેતના જન્માવી શક્યું છે.

આ સ્પર્ધા અંગે ગુજરાતના યુવાસમુદાયમાં સાહસના નવા ઉન્મેષો જન્મશે અને નિરંતર ગુજરાતના યુવક-યુવતી સાહસક્ષેત્રે અવનવી સિદ્ધિ હાંસલ કરવા પ્રેરાશે એવી શ્રધ્ધા સાથે વિરમું છું.

**ધ્રુવકુમાર શાસ્ત્રી,**
યુવક બોર્ડ અધિકારી.

## ૯મી અખિલ ભારત સમુદ્ર તરણ સ્પર્ધાના આયોજનાર્થે નિયુકત કરાયેલ સમિતિઓ

### ટેકનિકલ સમિતિ

૧. લે. કે. શ્રી કેહરસીંગ, નેવી, મુંબઈ

૨. શ્રી સતુભાઈ મુન્શી, ભરૂચ

૩. શ્રી નરભેરામ મિસ્ત્રી, સુરત

૪. શ્રી માકન્ડભાઈ વસાવડા, વડોદરા

૫. શ્રી એ. બી. વોરા, પોર્ટ ઓફીસર, વેરાવળ

૬. શ્રી ગીરીશભાઈ વસાવડા, વેરાવળ

૭. શ્રી મહાશ્વેતાબેન વૈધ, જૂનાગઢ

૮. નિયામક, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર.

૯. યુથ બોર્ડ ઓફિસર, ગાંધીનગર.

૧૦. શ્રી વિરેન્દ્ર નાણાવટી, અમદાવાદ.

### અધિકારીઓની યાદી

#### લવાદ પંચ

૧. શ્રી ભરત મારૂ, નિયામક, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ

૨. શ્રી લેફ્. ક. કેહરસીંગ, નેવી મુંબઈ

૩. ઓલ ઈન્ડીયા એકવેટીક એસોસીએશનના પ્રતિનિધિ

૪. શ્રી વિરેન્દ્ર નાણાવટી, ગુજરાત રાજય એકવેટીક એસોસીએશનના પ્રતિનિધિ

૫. શ્રી માર્કન્ડભાઈ વસાવડા, વડોદરા

૬. ડૉ. હરિભાઈ ગોહિલ જિલ્લા શિક્ષણાધિકારી, જુનાગઢ.

૭. શ્રી ધ્રુવકુમાર શાસ્ત્રી, યુથ બોર્ડ અધિકારી, ગાંધીનગર

### મુખ્ય ટેકનિકલ સલાહકાર

લે. ક. શ્રી કેહરસીંગ નેવી, મુંબઈ

### મુખ્ય વ્યવસ્થાપક

૧. શ્રી ભરત મારૂ, નિયામક, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ. ગાંધીનગર

૨. શ્રી ધ્રુવકુમાર શાસ્ત્રી, યુથ બોર્ડ અધિકારી, ગાંધીનગર.

**સાહસ મુખ્ય વ્યવસ્થાપક**

૧ શ્રી કાન્તીભાઈ પટેલ, ગાંધીનગર

૨ શ્રી મોહનભાઈ પરમાર, ગાંધીનગર

**નિવાસ વ્યવસ્થા**

૧. શ્રી મહાશ્વેતાબેન વૈદ્ય, જુનાગઢ

૨. શ્રી એમ. કે. ગોહિલ,
વડોદરા

૩. શ્રી એલ. એ. રાઠોડ, અમરેલી.

**વાહન વ્યવસ્થા**

૧. શ્રી જે. કે. ગઢિયા, ગાંધીનગર.

૨. શ્રી સી. એમ. આટોદરીયા, ગાંધીનગર.

**સાધન વ્યવસ્થા**

૧.શ્રી ડી. ટી. આચાર્ય, ગાંધીનગર

૨. શ્રી જે. કે. ગઢિયા, ગાંધીનગર

૩. શ્રી સી. એમ. આટોદરીયા, ગાંધીનગર

**મેડીકલ વ્યવસ્થા**

૧. શ્રી જે. કે. પંડયા, રાજકોટ

૨. શ્રી એન. કે. પંડિત,
ગોધરા

૩. શ્રી કે. વી. શર્મા, પતિયાલા.

**હરિફોની વ્યવસ્થા**

૧. શ્રી જે. કે. પંડયા, રાજકોટ

૨. શ્રી કે. વી. શર્મા, પતિયાલા

૩. શ્રી ગુણવંતભાઈ ઠાકોર, કલકત્તા.

**વિજયરેખા પંચ**

૧. શ્રી કાન્તિભાઈ પટેલ, ગાંધીનગર

૨. શ્રી વિરેન્દ્રભાઈ નાણાવટી, અમદાવાદ

૩. શ્રી પ્રફૂલ્લાબહેન ત્રિવેદી, વેરાવળ

૪. શ્રી નરભેરામ મીસ્ત્રી, સૂરત

## ભોજન વ્યવસ્થા

૧. શ્રી ડી. ટી. આચાર્ય, ગાંધીનગર.

૨. શ્રી વી. વી. ટીંબડીયા, જુનાગઢ

૩. શ્રી માર્કન્ડ વૈષ્ણવ, જુનાગઢ.

## પ્રચાર વ્યવસ્થા

૧. શ્રી કેશરભાઈ ડોડીયા, વેરાવળ.

૨. ડૉ. મહેશભાઈ ચોકસી, ગાંધીનગર.

૩. શ્રી મોહનભાઈ પરમાર, ગાંધીનગર

૪. શ્રી ગણેશભાઈ ફોફન્ડી, વેરાવળ

૫. શ્રી મહાશ્વેતાબેન વૈધ, જુનાગઢ

૬. શ્રી કાન્તીભાઈ પટેલ, ગાંધીનગર

૭. શ્રી ડી. જી. પરમાર. ફીશરીઝ ડીપાર્ટમેન્ટ, વેરાવળ,

## ઉદ્‌ઘાટન અને પૂર્ણાહુતિ સમારંભ વ્યવસ્થા

૧. શ્રી ધ્રુવકુમાર શાસ્રી ગાંધીનગર

૨. શ્રી મહાશ્વેતાબેન વૈધ, જુનાગઢ

૩. શ્રી કાન્તીભાઈ પટેલ, ગાંધીનગર

૪. શ્રી મોહનભાઈ પરમાર, ગાંધીનગર

૫. આચાર્યશ્રી, પ્રાથમિક કુમાર તાલુકા શાળા નં ૧, વેરાવળ

૬. શ્રી નર્મદભાઈ ત્રિવેદી, વેરાવળ

૭. શ્રી પ્રફુલ્લાબેન ત્રિવેદી, વેરાવળ.

૮. શ્રી એચ. એન. આશર, વેરાવળ.

૯. કુ. કલાબેન ભટ્ટ, વેરાવળ.

## ઈનામ વિતરણ વ્યવસ્થા

૧. શ્રી એસ. ડી. ગોસ્વામી, ગાંધીનગર

૨. શ્રી. મહાશ્વેતાબેન વૈધ, જુનાગઢ

૩ શ્રી ડી. ટી. આચાર્ય, ગાંધીનગર.

## હિસાબ વ્યવસ્થા

૧. શ્રી કે. એમ. મકવાણા, ગાંધીનગર

૨. શ્રી ડી. ટી. આચાર્ય, ગાંધીનગર

૩. શ્રી જેકબ ક્રિશ્ચયન, ગાંધીનગર

૪. શ્રી મોતીભાઈ વી. પરમાર, ગાંધીનગર

## પાવર બોટ અને હોડી વ્યવસ્થા

૧ શ્રી ગીરીશભાઈ વસાવડા, વેરાવળ

૨ શ્રી ગણેશભાઈ ફોફન્ડી, વેરાવળ

૩ શ્રી રણછોડભાઈ પટેલ, ચોરવાડ

૪ શ્રી મોહનભાઈ પરમાર, ગાંધીનગર

૫ શ્રી વાય. સી. પુરાણી, ગાંધીનગર

૬ શ્રી યુ. એમ. ચુડાસમા, વેરાવળ

૭ શ્રી ડી. એમ. શિયાળ

૮ શ્રી જે. જે. પરમાર, વેરાવળ.

## પત્રકાર વ્યવસ્થા

૧. સહાયક માહિતી અધિકારી, જુનાગઢ.

૨. સહાયક માહિતી અધિકારી, રાજકોટ.

## ટ્રેક લેઈંગ

| | | |
|---|---|---|
| શ્રી ગિરીશભાઈ વસાવડા | ફીશરીઝ | વેરાવળ |
| શ્રી કાન્તીભાઈ જી. દવે | ” | ” |
| શ્રી મેથ્યુ ઓમેન | ” | ” |
| શ્રી સુરેશ જે. વૈદ્ય | ” | ” |
| શ્રી ભાલચંદ્ર એન. દેસાઈ | ફીશરીઝ | વેરાવળ |
| શ્રી જે. કે. પંડ્યા | ફીશરીઝ, | રાજકોટ |
| શ્રી ગણેશભાઈ ફોફંડી | પોર્ટ ડીપાર્ટમેન્ટ, | વેરાવળ. |

## અખિલ ભારત વીર-સાવરકર સમુદ્રતરણ સ્પર્ધાની તવારીખ

| ક્રમ | સાલ | સ્થળ | અંતર માઈલ | ઉદ્‌ઘાટક | પ્રમુખ |
|---|---|---|---|---|---|
| ૧ | ૧૯૬૮ | ભાડભૂતથી ભરૂચ | ૧૨ | શ્રી મિહિરસેન | શ્રી મિહિરસેન |
| ૨. | ૧૯૬૯ | ચોરવાડથી વેરાવળ | ૧૫ | શ્રી ચિમનભાઇ પટેલ સાંસ્કૃતિક મંત્રી | શ્રી ચિમનભાઈ પટેલ સાંસ્કૃતિક મંત્રી |
| ૩. | ૧૯૭૦ | ચોરવાડથી વેરાવળ | ૧૬ | ,, | શ્રી વીરજીભાઇ પીઠડીયા પ્રમુખશ્રી વેરાવળ પાટણ સંયુકત સુધરાઇ |
| ૪. | ૧૯૭૧ | ચોરવાડથી વેરાવળ | ૧૮ | ઈન્દ્રવદન વસાવડા શિક્ષણ નિયામક | શ્રી વ્યાસ કલેકટર, જુનાગઢ |
| ૫. | ૧૯૭૨ | ચોરવાડથી વેરાવળ | ૧૮ | શ્રી એસ. એમ. દુદાણી સચિવ શિક્ષણ અને મજુર વિભાગ | શ્રી એસ. એમ. દુદાણી સચિવ શિ.અને મ.વિભાગ. |
| ૬. | ૧૯૭૩ | નવીબંદરથી પોરબંદર | ૨૦ | શ્રી માલદેવજી ઓડેદરા | |
| ૭. | ૧૯૭૪ | ચોરવાડથી વેરાવળ | ૨૧ | | |
| ૮. | ૧૯૭૭ | ચોરવાડથી વેરાવળ | ૨૧ | શ્રી મગનભાઈ બારોટ, શિક્ષણ યુવક કલ્યાણ સાંસ્કૃતિક પ્રવૃતિના રાજ્યકક્ષાના મંત્રીશ્રી | શ્રી મહેન્દ્ર બુચ કલેકટરશ્રી, જુનાગઢ. |

**હરિફોની યાદી**

| | |
|---|---|
| ૧ શ્રી ભગત કેશવભાઈ ગણેશભાઈ ઉંમર વર્ષ ૨૫. | નાનપરા, ખારવાવાડ, સુરત. |
| ૨ શ્રીમતી વશી ઈન્દીરાબેન રમણલાલ ઉંમર વર્ષ ૪૩. | ૯/૩૦૭-એ, ચકલાવાળા સ્ટ્રીટ, વાડી ફળીયા, સુરત. |
| ૩ શ્રી બચુભાઈ નટુભાઈ પટેલ ઉંમર વર્ષ ૩૭. | સલાબતપુરા, નવાબ ચાલીની સામે, કામદાર રોડ, ૩/૨૫૯૧, સુરત. |
| ૪ શ્રી અશોક પ્રાણલાલ ચાવલી ઉંમર વર્ષ ૧૮ | ૧૦/૧૪૪૯/ ગોપીપુરા, અગમ મંદીર રોડ, સુરત |
| ૫ શ્રી અશોકકુમાર લાજ્જારામ ભારધ્વાજ, ઉંમર વર્ષ ૨૦ | ઝાલાકા બઝાર, ઝાકશર, ગ્વાલીયર-૧. |
| ૬ શ્રી મધુ ગોરધનદાસ ઠકકર, ઉંમર વર્ષ ૨૬ | ૫૫/૫-આનંદમંગલ, જાંબલી ગલી, બોરીવલી, મુંબઈ. |
| ૭ શ્રી અંકલેશ્વરીયા મીનુ ભુકતચ્યાર, ઉંમર વર્ષ ૧૭. | મીહીર મેન્શન ફોરગેટ સ્ટ્રીટ, મુંબઈ-૩૬. |
| ૮ શ્રી ઠાકોરભાઈ ડી. નાવીક ઉંમર વર્ષ ૩૧. | વાંકલ સ્ટ્રીટ, રાંદેર, સુરત. |
| ૯ માસ્ટર અનિરૂધ એસ. અધિકારી, ઉંમર વર્ષ ૧૪. | ૨૦/૧ હંસરાજ દામોદર વાડી, કેનેડી બ્રીજ, મુંબઈ. |
| ૧૦ શ્રી ગુરૂજી વિનોદ હરીભાઈ ઉંમર વર્ષ ૨૨. | સમર્થ આર્ટ સર્વીસ, એન. સી. કેલકર રોડ, દાદર, મુંબઈ. |
| ૧૧ શ્રી શીનોય તારાનાથ નારાયણ, ઉંમર વર્ષ ૧૭ | ૧૯૭/ફરગ્યુશન રોડ, લોઅર પરેલ, મુંબઈ. |
| ૧૨ શ્રી પ્રસન્નવદન વિનયકાન્ત દલાલ | ૮, એસેમ્બલી લેન, દાદીશેઠ ૧૧મી ગલી મુંબઈ-૨. |
| ૧૩ શ્રી જગમોહન શર્મા ઉંમર વર્ષ ૨૨ | ચાંન્ધારા પો. ભાગીવાડા, જી. ભીંડ (મ. પ્ર.). |

| | |
|---|---|
| ૧૪ શ્રી લશ્કરી રામચંદ્ર જીવરામદાસ | શ્રી ન્યાલ ભગત આશ્રમ, રાજકોટ, ગોંડલ રોડ. |
| ૧૫ શ્રી શરદચંદ્ર જૈન | ૧૨૫, નાયીયર ટાઉન, તરણીપુરા, જબલપુર. |
| ૧૬ શ્રી અરૂણ કાશીનાથ બર્વે | સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા, અલીબાગ. |
| ૧૭ શ્રી ડોડીયા અનિલભાઈ બાબુભાઈ | પીનૃછાયા, પ્લોટ નં. ૧૨૯૦, ગોધા રોડ, ભાવનગર. |
| ૧૮ શ્રી શ્યામલાલ રામપ્રસાદ શર્મા | ડેપ્યુટી ડાયરેકટર, આર. કે. પુરમ, ન્યુ દિલ્હી. |
| ૧૯ શ્રી પ્રફૂલ્લ મ્હાત્રે, | ધોકવાડે ભાગ પાડા, પો. અવાસ, તા. અલીબાગ, જિ. કોલાબા-૪૦૨૨૦૧ (મહારાષ્ટ્ર). |
| ૨૦ શ્રી મનોહર પાટીલ | કેગાંવ દાંડા, પો-ઉરાન, જિ. કોલાબા-૪૦૦૭૦૨. |
| ૨૧ શ્રી હાટેશ્રદ્ર પાટીલ | ” |
| ૨૨ શ્રી જનાર્દન પાટીલ | મુ. પો. પોયનાદ, તા. અલીબાગ, જિ. કોલાબા ૪૦૨૨૦૧. |
| ૨૩ શ્રી બ્રીજમોહન શર્મા | C/o. ડેપ્યુટી ચીફ મીકેનીકલ એન્જીનીયરીંગ સેંટ્રલ રેલ્વે, મુંબઈ-૧૯. માટુંગા. |
| ૨૪ શ્રી વેલજીભાઈ હરીભાઈ | કાટેલીમયા-ઝંડુ મેડિકલ સ્ટોર, મહાત્મા ગાંધી રોડ, પોરબંદર. |
| ૨૫ શ્રી જે. આર. તમાકુવાલા | દલાલ સ્ટ્રીટ, ભરૂચ. |

---

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.